# કોંગ્રેસની સરકારે ખેડૂતોને ગોળીએ વિંધ્યા હતા : રૂપાણી

## રૂપાણીએ કિસાન કાર્યક્રમમાં કોંગ્રેસને આડે હાથે લીધા : ખેડૂતોના નામે આંદોલન કરનારા લોકોને પડકાર, ભૂતકાળમાં કોંગ્રેસે ટેકાના ભાવ આપ્યા નથી અને ક્યારેય ખરીદી નથી

આજે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈનો



જન્મદિવસ છે. આજના દિવસે ભારતીયજનતા પાર્ટી દ્વારા સુશાસન દિવસની ઊજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીના હસ્તે આજે આ દિવસે કિસાન કલ્યાણ સમ્મેલનો દ્વારા કિસાનોનું સન્માન કરી અને તેમના ખાતામાં સરકારી સહાયતા જમા કરાવવામાં આવી. આ કાર્યક્રમમાં વિજય રૂપાણીએ કોંગ્રેસને આડે હાથે લીધી. ખેડૂતોના નામે આંદોલન કરનારા લોકોને પડકાર, ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ ટેકાના ભાવ આપ્યા નથી, ક્યારેય ખરીદી નથી. ટેકાના ભાવ અને પાકવીમાની માંગણી કરનારા લોકોને તમારી સરકારે ગોળીએ દીધા હતા. આવા ખેડૂતોની ખાંભી પણ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છે. અમારી સરકારે કદી ન મળેલા ટેકાના ભાવ આપ્યા છે. નરેન્દ્ર મોદીની સરકારે વખતોવખત ટેકાના ભાવ વધારી પૂરતા ભાવ આપ્યા છે. આ વર્ષે ૧૧૦૦ રૂપિયામાં મગફળી વેચાણી છે. પાક વીમામાં વીમા કંપનીની આડોડાઈ કાઢીને સરકાર પોતે મુખ્યમંત્રી કિસાન કલ્યાણ યોજના લાવ્યા છે. વિજય રૂપાણીએ જણાવ્યું કે રાજ્યમાં નર્મદા યોજના દ્વારા ખેડૂતોને ગામે ગામ પાણી આપવામાં આવી રહ્યું છે. આ એજ કોંગ્રેસ છે જે સત્તામાં હતી ત્યારે તેણે કેન્દ્રમાં નર્મદા ડેમ પર દરવાજાના મૂકવાની પરવાનગી ન આપી અને વિકાસમાં રોડા નાખ્યા હતા. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા અને ડેમનું કામ પૂર્ણ થયું. કોંગ્રેસે વર્ષો સુધી આ યોજના અટકાવી રાખી. રાજ્યના ખેડૂતોને ધોળે દિવસે વીજળી આપવાની યોજના હોય કે ટેકાના ભાવે ખરીદી સરકારે ખેડૂતોનો હિત હંમેશા વિચાર્યુ છે. સીએમ રૂપાણીએ ઉમેર્યુ કે રાજ્યમાં ૧૦૫૫ કરતા વધારે ગામમાં ખેડૂતોને દિવસે વીજળી મળવા લાગી છે. પીએમ મોદીએ નર્મદા યોજના પુરૂ કરી. રાજ્ય સરાકરે સુજલામ સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાતના ૩૫૦૦ તળાવો ભર્યા છે. સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ભર્યા છે. આજે કદાચ કુદરત રૂઠે તો ખેડૂતનું વર્ષ નિષ્ફળ ન જાય એ માટે મા નર્મદાના આશિર્વાદ ગામડે ગામડે પહોંચાડ્યા છે. જે દિવસે લાઈનો લાગતી હતી ત્યારે કોંગ્રેસ કહેતી કે આ મુંગેરીલાલ કે હસીન સપને છે, જે સ્વપ્ન જોવે તે જ સાકાર કરી શકે છે. ખેડૂતોના નામે આંદોલન કરનારા લોકોને પડકાર, ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ ટેકાના ભાવ આપ્યા નથી, ક્યારેય ખરીદી નથી. ટેકાના ભાવ અને પાકવીમાની માંગણી કરનારા લોકોને તમારી સરકારે ગોળીએ દીધા હતા. આવા ખેડૂતોની ખાંભી




પણ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છે. અમારી સરકારે કદી ન મળેલા ટેકાના ભાવ આપ્યા છે. નરેન્દ્ર મોદીની સરકારે વખતોવખત ટેકાના ભાવ વધારી પૂરતા ભાવ આપ્યા છે. આ વર્ષે ૧૧૦૦ રૂપિયામાં મગફળી વેચાણી છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં કેટલા ગામોમાં વી.સી.ઈ.ની પ્રવૃત્તિ બંધ છે અને તે માટેના કારણો સહિતનો વિગતવાર અહેવાલ વિકાસ કમિશનરે માંગ્યો છે.
- બજેટ ૨૦૨૧-૨૨ની તૈયારીઓએ હવે વેગ પકડ્યો છે. અને સચિવાલયમાં બેઠકોનો ધમધમાટ વધવા પામ્યો છે.
- ઠંડીનો ચમકારો અને મીની વેકેશનનો માહોલ હોવાથી ટ્રાફીકથી સતત ધમધમતા 'ચ' માર્ગ પર આજે ટ્રાફીક ઓછો જોવા માળ્યો હતો.
- ગાંધીનગર તાલુકાની બ્લોક બેલ્થ કચેરીમાં સિનીયર ક્લાર્ક તરીકે ફરજો બજાવતા રાકેશ પટેલનું દુઃખદ અવસાન થતાં આરોગ્યના કર્મયોગીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.
- ગુજરાત યુથ કોંગ્રેસના પ્રભારી હેમંત દોંગલે આજે ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે ગીતાજયંતિની ભાવપૂર્ણ ઉજવણી કરાઈ હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મમ્મી, આ બારી બંધ કરી દે... મને લાગે છે સાન્તા બ્રિટિશ છે... અને કોણ જાણે હું સુઈ ગયો હોઉને માસ્ક વગર આવી જાય...!!

# સળંગ ત્રણ રજાઓના પગલે નાતાલમાં પણ ઉજવાતી દિવાળી...!!

## દિવાળીમાં સંક્રમણ વધુ હોવાથી સ્થિતિ જોખમકારક હતી : અત્યારે સ્થિતિ હળવી જણાતા દિવાળીનું મળવાનું કે વડીલોને પગે લાગવાનું બાકી હતું તે રિવાજ પુરો કરવાની તક ઝડપી લેતા શહેરીજનો

ગાંધીનગર, તા.૨૫


કોરોના કાળને પગલે આ વર્ષે લગભગ તમામ તહેવારોની ઉજવણી ફિક્કી પડી જવા પામી છે અને જન્માષ્ટમી-નવરાત્રી સહિતના કેટલાંક તહેવારોની તો ઉજવણીઓ જ મોકુફ રાખવી પડી હતી. અત્યારે ચાલી રહેલા નાતાલના તહેવારમાં પણ રોનક ગાયબ છે અને ઉજવણી પણ ખૂબ જ મર્યાદિત રીતે થઈ રહી છે. જો કે આજે નાતાલની રજા સહિત સળંગ ત્રણ રજાઓના કારણે શહેરમાં નાતાલ સાથે દિવાળીની મુલત્વી રહેલી ઉજવણી પણ થઈ રહી હોય તેવી સ્થિતિ પણ કેટલેક અંશે જોવા મળી રહી છે.

આ વર્ષે દિવાળીના પર્વ દરમિયાન કોરોના સંક્રમણ ખૂબ જ તીવ્ર ગતિએ વધ્યું હોવાથી તે સમયે સરકાર દ્વારા ગાઈડલાઈનના કડક અમલ સાથે કેટલાંક શહેરોમાં નાઈટ કરફર્યુ અમલમાં મુકવામાં આવ્યો હતો. દિવાળીની ખરી ઉજવણી હિન્દુ પરિવારોમાં લગભગ દેવ દિવાળી સુધી ચાલતી હોય છે જે દરમિયાન સૌ કોઈ એકબીજાના સગા સંબંધીઓ-સ્નેહીજનો-મિત્રોના ઘરે વડીલોને પગે લાગવા કે શુભેચ્છા પાઠવવા જાય અને મ્હોં મીઠું કરે તેવો રિવાજ હોય છે પરંતુ વધેલા કોરોના સંક્રમણને પગલે આ વખતે દેવદિવાળી સુધી એકબીજાના ઘરે મળવા જવામાં જોખમ જણાતું હોવાથી મોટા ભાગના પરિવારોએ તે ટાળ્યું હતું. જો કે જયાં સુધી નવા વર્ષમાં પરિવારો એકબીજાના ઘરે મળવા કે પગે લાગવા જાય નહીં ત્યાં સુધી રીતિ રવાજ બાકી રહેતો હોવાથી વહેલા-મોડાં તેને પુરો કરવામાં આવે છે. અત્યારે કોરોના સંક્રમણ ઘટયું છે અને તેની તીવ્રતામાં ઘટાડો થયા હોવાના અહેવાલો સાથે થોડી સ્થિતિ દિવાળી કરતા હળવી બની છે. યોગાનુયોગ નાતાલ સાથે સળંગ ત્રણ રજાઓનો યોગ સર્જાતા આ તકનો લાભ લઈને અનેક પરિવારોએ વડીલોને પગે લાગવાનો કે મળવા જવાનો રિવાજ નિભાવવાની તક ઝડપી લીધી છે.

### સંક્રમણ હળવું થયું હોવાથી નાના-મોટા ગેટ-ટુ-ગેધરના પણ આયોજનો થયા

શહેરમાં સળંગ ત્રણ રજાઓનો યોગ ગોઠવાયો છે જેનો ઉપયોગ કેટલાંક શહેરીજનોએ પોતાના પરિવાર સાથે કે મિત્ર વર્તુળ સાથે એકઠાં થઈને આનંદ કરવા માટે પણ કરી લેવાની તક ઝડપી છે. હાલ કોરોના સંક્રમણ દિવાળી કરતાં હળવું થયું હોવાથી લાંબા સમયથી ઘરમાં રહેલા બાળકો સહિત કંટાળેલા શહેરીજનોએ આ રજાઓમાં કોઈ એક મિત્રના ઘરે કે ફાર્મહાઉસ અથવા નજીકના સ્થળોએ ગાર્ડન રેસ્ટોરન્ટ કે બેન્કવેટ હોલમાં ગેટ-ટુ-ગેધરની નાની મોટી પાર્ટી-પિકનીકના આયોજનો કર્યા છે અને ખાનગીમાં હળવા થવાની તક ઝડપવા પ્રયાસ કર્યો છે.

## ઉ.ગુજ. યુનિ.ના સિન્ડીકેટ મેમ્બર તરીકે નિયુકતી કરાઈ



ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડીન મેડીકલ ફેકલ્ટી તરીકે ફરજો બજાવતા ડૉ. અનિલ નાયકની સિન્ડીકેટ મેમ્બર (એકઝીકયુટીવ કાઉન્સીલ)માં નિયુકતી કરવામાં આવી છે.




શહેરમાં શુક્રવારે તા. ૨૫મી ડિસેમ્બરે ભારતના ભૂતપૂર્વ લોકપ્રિય કવિ હૃદય વડાપ્રધાન સ્વ. અટલ બિહારી બાજપાઈજીની જન્મજયંતિની વિવિધ સ્થળે ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા સેકટર-૨૧માં હનુમાન મંદિરે યોજવામાં આવેલા કાર્યક્રમમાં સ્વ. અટલ બહારી બાજપાઈજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી જે માટે સંસ્થાના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

# સે-૨૩માંથી રીઢા બેટરી ચોર ઝડપી લેતી એલસીબી પોલીસ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં વાહન ચોરી સાથે સાથે વાહનોના સ્પેરપાર્ટસની ચોરીની ઘટનાઓ પણ સર્જાઈ રહી છે. આજે શહેરની એલસીબી પોલીસે સે-૨૮ જીઆઈડીસીમાં આઈશર ગાડીમાંથી બેટરી ચોરી કરનાર એક રીઢા ચોરને બેટરી સહિત ઝબ્બે કરી લીધો હતો.

એલસીબી પોલીસના એએસઆઈ હજારીસિંહ ઘીસાસિંહ અને અધિક હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહ પૃથ્વીસિંહ જયારે જિલ્લા વિસ્તારમાં પેટ્રોલિગમાં હતા તે દરમિયાન તેમને મળેલ બાતમીના આધારે સેકટર-૨૩માં કડી કેમ્પસ પાસેના છાપરાં નજીકથી ચોરીની બેટરી વેચવા ફરતો આત્મારામ મોહનભાઈ દેવીપૂજક નામનો આરોપી ઝડપી લીધો હતો જે મૂળ પાટણ જિલ્લાના રાધનપુરનો વતની છે. આરોપી પાસેથી પોલીસે રૂ. ૪ હજારની કિંમતની બેટરી પણ જપ્ત કરી હતી જે જીઆઈડીસી સે-૨૮માં એક ભંગારના ગોડાઉન સામે ઉભેલી આઈશર ગાડીમાંથી તેણે ચોરી હતી. આરોપીનો રેકર્ડ તપાસ કરતા તે અગાઉ પણ સોલાર બેટરી અને ઘરફોડ ચોરી જેવા સાતેક ગુનામાં સંડોવાયેલો હોવાનું માલુમ પડયું હતું.






કોબા ખાતે સુશાસન દિવસ ઉજવણી કરવામાં આવી હતી. નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન કિસાન સન્માન ખેડૂતો આવક બમણી મળી જાય છે. દરેક ખેડૂત ખાતેદાર ૨૦૦૦/- સહાય યોજના જમા કરાવી આપ્યા. આ ઉપરાંત ખેડૂતોને માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. કોબા ખાતે આ કાર્યક્રમમાં ખેડૂતોએ હાજરી આપી હતી. યોગેશ નાયી પૂર્વ સરપંચ કોબાએ સરકાર દ્વારા આભાર માન્યો હતો. ગાંધીનગર કોબા ગામ ખાતે સરપંચશ્રી યોગેશભાઈ નાયી અને સમગ્ર ગ્રામજનો અને ભાજપના સનિષ્ટ કાર્યકર્તાઓ દ્વારા સરકારના આદેશ અનુસાર સોશિયલ ડિસ્ટન્સ સાથે આજ રોજ અટલબિહારી વાજપેયીજીની જન્મ જયંતિએ પુષ્પાંજલિ કાર્યક્રમ કરવામાં આવ્યો.

# રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા સરકારની વિચારણા

ગાંધીનગર, તા. ૨૫

દિવાળી બાદ રાજયમાં કોરોનાના કેસોમાં અચાનક ઉછાળો જોવા મળ્યો હતો, જે હવે કન્ટ્રોલમાં આવી ગયા છે. એવામાં રાજ્ય સરકાર ફરી એકવાર હાયર સેકન્ડરી સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓને તબક્કાવાર શરૂ કરવાના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે. રાજ્યના પાટનગરમાં શિક્ષકો સાથે સંવાદ કર્યા બાદ શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર સિંહ ચૂડાસમાએ સંકેતો આપ્યા હતા કે રાજ્ય સરકાર ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો અને હાઈસ્કૂલને તબક્કાવાર શરૂ કરવા અંગે વિચારી રહી છે.

'શિક્ષણવિદો સાથે આજની અને હાલની ચર્ચા દરમિયાન કોલેજો, યુનિવર્સિટીઓ તથા સ્કૂલોને ફરીથી ખોલવાના સૂચના પર ચર્ચા કરવામાં આવી હતી. એજ્યુકેશન સેક્ટરને તબક્કાવાર શરૂ કરવા માટે આ સૂચનો પર મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતાવાળી હાઈ-લેવલ કમિટીમાં ચર્ચા કરવામાં આવશે.' તેમણે ઉમેર્યું કે, આ મુદ્દાની હાઈ-પાવર કમિટીમાં ચર્ચા ન થાય ત્યાં સુધી તેઓ તેના પર કોઈ કમેન્ટ કરશે નહીં.

# રાજસ્થાનના શિક્ષણમંત્રીનો OSD બની આવેલ શખ્સ ઝબ્બે

અમદાવાદ શહેરના આંબલી ગામમાં આવેલા પ્રિન્ટિંગ પ્રેસમાં એક યુવક રાજસ્થાન જિલ્લાના એસઓજીના કહેવાથી રાજસ્થાનના શિક્ષણમંત્રી ગોવિંદસિંગના ઓફિસર ઑન સ્પેશિયલ ડ્યૂટી તરીકેની ઓળખ આપી પેપર લીક કેસની તપાસ કરવા આવ્યો હતો. પ્રેસના વહીવટી કર્મચારીએ યુવક પાસે આઈડી માંગતા તે ભાગ્યો હતો. જેનો પીછો કરી પ્રેસના કર્મચારીઓએ યુવકને ઝડપી લીધો હતો. યુવકની પૂછપરછમાં ખોટી ઓળખ આપી આવ્યો હોવાનું બહાર આવતા સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના સેટેલાઈટમાં વૈભવ ટાવર ખાતે રહેતા ગૌરવભાઈ ત્રિવેદી આંબલી ગામમાં પ્રજાપતિવાસમાં આવેલા સૂર્યા ઓફસેટ પ્રેસમાં વહીવટી અધિકારી તરીકે છેલ્લા ૧૮ વર્ષથી નોકરી કરે છે. મંગળવારે ગૌરવભાઈને એમ.એમ.શર્મા નામના વ્યક્તિએ ફોન કરી રાજસ્થાન સરકારનું પ્રિન્ટિંગ કામ હોવાથી તમને મળવું છે તેમ જણાવ્યું હતું. આથી ગૌરવભાઈએ ફોન કરીને આવજો તેવો જવાબ આપ્યો હતો.

# અમદાવાદના ૪૦ વર્ષ જૂના ૬૦૦ મતદારનાં નામ યાદીથી ગાયબ

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુદ્દત પૂર્ણ થઈ ગઈ છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશનની સત્તા હાલમાં ભાજપ પાસે છે. વર્ષ ૨૦૧૫ના પરિણામો મુજબ બીજેપી પાસે ૧૪૨ અને કોંગ્રેસ પાસે ૫૦ સીટો રહેલી છે. ૪૬૬ ચોરોસ કી.મી.ના અમદાવાદમાં કોર્પોરેશનના કુલ ૪૮ વોર્ડ આવેલા છે અને જેમાં વોર્ડ દીઠ ૪ કોર્પોરેટરો છે. કુલ ૧૯૨ કોર્પોરેટરો અમદાવાદ શહેરમાં છે. ત્યારે આગામી સમયમાં યોજાવા જઈ રહેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં છબરડા સામે આવી રહ્યા છે. અમદાવાદમાં આગામી સમયમાં યોજાવા જઈ રહેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા છબરડો સામે આવ્યો છે. અમદાવાદમાં ૪૦ વર્ષ જૂના મતદારો યાદીમાંથી ગુમ થઈ ગયા છે. બાપુનગરમાં ૬૦૦ મતદારના નામ મતદાન યાદીમાંથી ગાયબ થઈ ગયા છે. ચોંકાવનારી વાત તો એ છે કે, અમપા સ્કૂલ બોર્ડના સભ્યનું નામ પણ આ લિસ્ટમાંથી ગાયબ થઈ ગયું છે.

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ૪૦ વર્ષ જુના મતદારોના નામ યાદીમાંથી ગુમ થયા છે. ૬૦૦ જેટલા મતદારોના નામ યાદીમાંથી બાકાત થતા સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અ.મ્યુ.કો. સ્કૂલ બોર્ડના સભ્યનું પણ નામ ગાયબ થયુ છે. બાપુનગરના વલ્લભ ફ્લેટ આસપાસના લોકોના નામ નવા સીમાંકનમાં જ નથી. જણાવી દઈએ કે, દરકે ચૂંટણીઓમાં અહીંના સ્થાનિક લોકો મતદાન કરે છે.



## ચિલોડા-ડભોડા ખાતે સુશાસન દિવસ ઉજવાયો

ભારત રત્ન અને પરમ આદરણીય પૂર્વ વડાપ્રધાન પૂજનીય સ્વ. શ્રી અટલબિહારી વાજપાઈની જન્મજયંતિ સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ડભોડા-ચિલોડા ગામમાં જેમાં જિલ્લા પંચાયત સીટની ડભોડા-૧ તાલુકા સીટ અવની સેન્ટર સ્ટેશન રોડ ડભોડા ખાતે તાલુકા ભાજપ મહામંત્રી રવજીભાઈ જાદવની ઉપસ્થિતિમાં તથા દેશના ૮ કરોડ ખેડૂતોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ ૨ હજારની સહાય દરેક ખેડૂતોને સીધા તેમના ખાતામાં ટ્રાન્સફર કર્યા તે નિમિત્તે ખેડૂત જાગૃતિ અભિયાનના ભાગરૂપે સર્વે સીનીયર કાર્યકર્તાઓની સાથે ઉજવણી કરાઈ હતી જયારે ચિલોડા ગ્રામ પંચાયત કચેરીએ ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ સેવા સહકારી મંડળીના ચેરમેન જૈમિન પટેલ, વિષ્ણુભાઈ પટેલ-વકીલ, મંડળીના મંત્રી જયંતિભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, પંચાયત કર્મી વગેરે ઉપસ્થિત રહી સુશાસન દિવસની ઉજવણી કરી હતી.




## માણસા ખાતે સુશાસન દિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે સ્વર્ગસ્થ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપાઈના જન્મ દિવસને સુશાસન દિવસ તરીકેની ઉજવણી કરવાના ભાગરુપે મહિલા – બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ ખેડૂત લક્ષી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે સુશાસન દિવસના ઉપલક્ષમાં યોજાયેલા આ સમારોહમાં રાજય સરકારની સાત પગલા ખેડૂત કલ્યાણના અન્વયે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના, કિસાન પરિવહન યોજના, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાય નિભાવ ખર્ચ સહાય, જિવામૃત બનાવવા કીટ સહાય, નાના-છૂટક વેપારીઓના માલનો બગાડ અટકાવવા છત્રી વિતરણ, સ્માર્ટ હેન્ડ રૂલ કિટ્સ, તારની વાડ યોજનાની સબસિડી અને સર્વગ્રાહી કૃષિ વ્યવસાય લક્ષની સહાય પ્રતિકરૂપે લાભાર્થીઓને અર્પણ કરી હતી. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ખેડૂત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.